૭૩૧૯

મનનો નિપાત.

૭૩૧૯

લેખક,
સાક્ષરોત્તમ શાસ્ત્રવિશારદ;
શ્રીયુત નગીનદાસ પુરૂષોત્તમદાસ સંઘવી.
પરમગુરુ, ઉદ્યોગવિષે નિબંધ તથા
ટેલિમેકસના ભાષાન્તર કર્તા.

પ્રકાશક,
મગાણી અંબાલાલ નરસિંહભાઈ.
કપડવણજકર,

ચોપાઈ.

અભ્યાસે જે મન સાધ્યું, ફુલકાર પ્રગટ ભાગ્યનું:
નહીંતર તે હીરાકર કલ્પ, તાકીને જોયું કંઈ જોડ ન પામ.

અમદાવાદ.
શ્રી [illegible] લિમિટેડ.
સને [illegible] ઈ. સ. ૧૮૯૯.
મૂલ્ય રૂ. ૦-૧૨-૦.

આર્ય પ્રજાનો નિપાત.

લેખક.

સાક્ષરોત્તમ શીઘ્ર કવિવર,

શ્રીયુત નગીનદાસ પુરૂષોત્તમદાસ સંગવી.

પંચસંગ, ઉદ્યોગ વિષે નિબંધ તથા

ટેલિમેકસના ભાષાન્તર કર્તા.

પ્રકાશક.

ત્રવાડી અંબાલાલ નરસિંહલાલ.

કપડવણજકર.

ચોપાઈ.

સદાચાર છે ફળ જ્ઞાનનું, દુરાચાર ફળ અજ્ઞાનનું;
સમજે તે સૌ સાકર ખાય, જાણી જોઈ કો ઝેર ન ખાય.

અમદાવાદ.

શ્રી "મુદ્રણકલામંદિર" લિમિટેડ.

સંવત ૧૯૫૫. ઈ. સ. ૧૮૯૯.

મૂલ્ય રૂ. ૦-૧-૬

પ્રસ્તાવના

શાન્ત રાજ્યવ્યવસ્થાદ્વારા પ્રૌઢ પ્રતાપી ઇંગ્રેજી રાજ્ય ઉદ્યોગ અને કળાની વૃદ્ધિ કરીને જનસમુદાયના સુખ ભોગનાં અગણિત સાધનોને ઉત્પન્ન કરનાર ચિંતામણિ જેવું ઝળકી રહ્યું છે. તે છતાં મનુષ્યોના સુખના સાધનની નિરંતર થતી વૃદ્ધિના પ્રમાણમાં જ માનસિક નીતિ અને તૃપ્તિની વાસ્તવિક હાનિ વધતી જતી જ નજરે પડે છે, એમ હવે આ દેશના અને પરદેશના વિચારકોને પ્રત્યક્ષ થતું જાયછે. એ હાનિનાં કારણ વિષે સર્વ પોતપોતાની રૂચિ અનુસાર અનુમાન કરે છે. પણ અમારા સમજવા પ્રમાણે એટલું જ કારણ છે કે **સ્વધર્મનું વિસ્મરણ** સર્વત્ર પ્રસરેલું છે. સ્વધર્મનું અજ્ઞાન એ કયા અનર્થને ઉત્પન્ન નથી કરતું !? તો સર્વ અનર્થની નિવૃત્તિને અર્થે અને **આર્ય પ્રજાનો નિપાત** દૂર થઇ ઉન્નતિ થવા માટે પ્રજા સમુદાયમાં સ્વધર્મનું સ્મરણ કરાવનાર સાધનરૂપ

લેખોનો પ્રસાર યથાશક્તિ નિરંતર કર્યા કરવો એ જ એક ઉપાય છે. તેવા આશયથી આવાં અલ્પ મૂલ્યનાં લઘુ પુસ્તકો પ્રસિદ્ધ કરવાનો અમે નિશ્ચય કર્યો છે. તેને પરમ કૃપાળુ શ્રી પરમેશ્વર નિભાવશે અને સફળ કરશે એવી પ્રાર્થના છે.

રાજનગર
તા-૨૬-૧૦-૮૯
ઠે-મુદ્રણકલામંદિર

લી.
પ્રકાશક.

૭૩૧૯

॥ ૐ શ્રી ॥

આર્ય પ્રજાનો નિપાત.

अथ मङ्गलम्.

गीति वृत.

आर्यपुरुष पंचानन । निपतितमुद्धर तवा-
र्यसंतानम् ॥
त्वद्दीतमार्यसमुदायं, तव मङ्गलया सु-
विद्ययेशान ॥

ભાવાર્થ—હે ! આર્ય પુરૂષોના મહા પુરૂષસિંહ મહેશ, તારી આર્યસંતતિરૂપ આર્યોના નિપાત પામેલા સમુદાયને તારી પરમ મંગલરૂપા વિદ્યાવડે સત્વર ઉઠાડ.

પ્રિયતમ આર્ય બંધુઓ! જગદ્વિદિત ભરતભૂમિનાં સંતાન!! વ્યવહાર અને પરમાર્થ પારંગત પૂર્વજોની પ્રજા!!! તમારી આધુ-

નિક સ્થિતિને જોઇને તમારા સદ્ગતિને પામેલા પૂર્વજોનાં રોમાંચ ખડાં થાય છે, હૃદય આકુલ વ્યાકુલ થાય છે, આમુષ્મિક શરીર કોપવડે નખશિખસંતપ્ત થાય છે, અંતઃકરણ ચતુષ્ટયને નિરાશા શિથિલ કરી નાખે છે તથા નેત્રશોષ અને શોકના ઉષ્ણ અને ભારે અશ્રુપ્રવાહમાં નિરન્તર ન્હાય છે. સદ્ગતિથી ચલિત થઇ અસદ્ગતિ સમાન અવસ્થાને પામેલા તમારા પૂર્વજો કંઠ શોષાઇ જવાથી નહીંવત્ થઇ ગયેલા અને અંતરના અગ્નિની શેષ નાગની સહસ્ત્રફણાની જ્વાળા જેવા નિશ્વાસને દિશો દિશ ફેલાવી ભૂમંડલને અને નભોમંડલને તપાયમાન કરી નાંખતા અવાજવડે પ્રશ્ન કરે છે કે 'હે અમારા વીર્યને કલંક લગાડનાર અને અમારા નામને અપયશના મહોદધિમાં ઝબોળનાર કુપ્રજા ! આવું વર્ણસંકરપણું તમારામાં ક્યાંથી આવ્યું ?' આ પ્રશ્ન તમારા પૂર્વજો જે ઊર્મિથી કરે છે તે એટલી તો અનિવાર્ય છે કે જો તેમનો કંઠ

તમારી દુર્દશા જોઇને ગદ્‌ગદિતભાવને પામી શીડાઇ ગયો ન હોત તો એમના ઘોર સ્વરવડે શિવની સમાધિ અને વિષ્ણુની યોગનિદ્રાનો ભંગ થયા વિના રહેજ નહી. પણ અહો દુર્ભાગ્ય ! શીડાયલા કંઠનો શબ્દ તો કપૂત આર્યપ્રજા પણ સાંભળી શકતી નથી. બાળવિવાહનાં વાદિત્ર ધોળમંગળ અને નાટયરંગનો ઘોષ એટલો તો વ્યાપી રહ્યો છે કે શુષ્ક કંઠવાળા પૂર્વજોનો કૃષ્માક્ષરથી પણ ઘણોજ ઓછો અવાજ કોઇને કાને પણ પડતો નથી. વિવાહના ઉત્સાહમાં કળી ગયેલા આધુનિક નવા આર્યો જૂના પુરાણા પૂર્વજના ટકટકારા ઉપર ક્યાં ધ્યાન દે ? આધુનિક નવી આર્યપત્નીઓ પરલોકવાસી પૂર્વજોનો અમાંગલિક અવાજ આવા વિવાહના પ્રસંગમાં કાને ધરવાને ક્યાં નવરીઓ છે ? હતભાગ્ય ! પૂર્વજો શિરસ્તાડન કરી પુકારે છે—' અરે ! જેઓની દુર્દશા દેખી આ કંઠ શોકાગ્નિના ધૂમાડાથી સુકાઇ ગયો તેઓ અમારા પ્રશ્નને લેખવતા પણ

નથી ! અરે ! ! કોઇ ઉત્તર પણ દેતું નથી ! અરે ! ધિક્કાર છે આ ભારતવર્ષની ચેતન સૃષ્ટિને ? ! પણ હે ભરતભૂમિ ! હે સુરપ્રાર્થિત ભારતી વસુંધરા ! ! તું તો અમને ઉત્તર આપ ? અમોએ તારે ઉદર અવતાર લઇને તારી કુખ લજાવી નથી, જનનિ ! તું જાણે જ છે કે અમોએ લગીર પણ લુણહરામી કરી નથી, માતા ! તું જુએ જ છે કે અમે તારી સાચી ભક્તિ કરી છે તેને માટે જગન્નિયંતાએ અમોને સદ્‌ગતિરૂપ નિશ્ચયપત્ર (certificate) આપ્યું છે. હે વીરજનની ! આ ભારત સંતાનની આ દુર્દશાનું કારણ તું તો અમને કહે ! '

પોતાનાં પરલોકવાસી પરમભક્ત સંતાનની આવી દીનવાણી સાંભળીને ભૂમંડલના ઉત્તમાંગરૂપ અવાચક ભરતધરણી ગ્લાનિયુક્ત થઇ વિવિધ પ્રકારે સાન કરીને ઉત્તર આપે છે:—

' ભરતભૂમિ રેલ્વેના બે પાટાપર ફરતાં ચક્રવડે સૂચવે છે કે દ્વિજાતિ ઉપર સુદર્શન ચ-

કે ફરી વળ્યું છે અર્થાત્ કળિયુગ આવ્યો છે. સંચાઓનિ ચિમનીઓમાંથી નિકળતા કાળા ધૂમાડીના ગોટ ઉપરથી સૂચવે છે કે કાળો કળી આવ્યો છે. સુકાં ખેતરપરથી સૂચવે છે કે ચૂશી ખાનાર કળિયુગ આવ્યો છે. યુવાન પુરૂષો ઉછરતી છોકરીઓના મ્હેતાજી તથા પરીક્ષક થઇને જેમાં બેસે છે એવી નિશાળોવડે સૂચવે છે કે કળિયુગ આવ્યો છે. રાજદરબારમાં સિંહાસનને ઠામે બાર લાકડાં અને તેરમા નેતરવાળી ખુરશી વડે સૂચવે છે કે બાર કોળાં અને તેરમી રીત વાળો કળિયુગ આવ્યો છે. નારીઓએ ઓઢેલાં નગ્ન જણાય એવાં ઝીણાં વસ્ત્ર ઉપરથી સૂચવે છે કે સઉને નાગા ધુપ જેવા કરનારો કળિયુગ આવ્યો છે. બ્રાહ્મણોના હાથમાંનાં પત્રાળાં પડીયા વડે સૂચવે છે કે પેટભરો કળિયુગ આવ્યો છે. ઠાલે હાથે ફરતા રજપૂતોવડે સૂચવે છે કે સઉનાં હથિયાર હેઠાં પાડનાર કળિયુગ આવ્યો છે. જૂઠાં કાટલાં તથા કાંટા પરથી સૂચવે છે કે વ્યાપારનું

મૂળ વાહનાર કળિયુગ આવ્યો છે. નીચ વર્ણના મિજાજ અમલદારો વડે સૂચવે છે કે પાત્ર વિવેકહીન કળિ આવ્યો છે. નર નારીને શેળભેળ કરતાં દેવમંદિરથી સૂચવે છે કે વ્યભિચાર વર્ધક કળિયુગ આવ્યો છે. બાળ રંડાઓના ઠાઠ વડે સૂચવે છે કે કેર કરનાર કળિયુગ આવ્યો છે. કલાલની દુકાનોવડે સૂચવે છે કે ઉન્મત કળિયુગ આવ્યો છે. નાના બાળકોએ ધારણ કરેલા ચસ્માઓથી સૂચવે છે કે છતી આંખે આંધળા કરનાર કળિયુગ આવ્યો છે. દેવ દરબારમાં બળતી ચરબીની મીણબત્તિયો વડે સૂચવે છે કે 'દેવ ગયા ડુંગરે' એવો કળિયુગ આવ્યો છે. કસાઇને હાથે કપાતી ગાયો ઉપરથી સૂચવે છે કે નિર્દય કલિ આવ્યો છે. આ સર્વવડે સાનમાં ભરતભૂમિ પરલોકવાસી આર્ય પૂર્વજોને સૂચવે છે કે કળિયુગ સર્વ સ્થળે વ્યાપિ રહ્યો છે માટે આધુનિક આર્ય પ્રજાની આવી પરમ શોચનીય દુર્દશા થઇ છે.

ભરત ભૂમિએ આ પ્રમાણે સાનમાં સૂ-

ચવેલો ભાવ સમજીને આર્ય પૂર્વજો અપ્રહત અશ્રુ—પ્રવાહથી તિમિરવેષ્ટિત નેત્ર વાળા થઇને આર્ય પ્રજાના રક્ષણાર્થે પોતાની પાછળ મૂકેલી **આર્યવિદ્યાને** સંબોધીને કહે છે કે–'હે આર્યવિદ્યા! તેં અમોને વિશ્વાસઘાત કર્યો? અમોએ તારૂં શોધન તથા વર્દ્ધન કીધું તેનો બદલો તેં આ પ્રમાણે વાળ્યો? જેઓની કીર્તિ ઉપર અમારી કીર્તિનો આધારછે અને જેમનીસત્કૃતિઉપર અમારી સદ્‌ગતિનો આધાર છે એવી પ્રજાને અમે તારે આશ્રયે મૂકી તેને કળિકાળના મુખમાં તજી દેઇને અમે તારા ઉપર રાખેલા વિશ્વાસનો આ પ્રમાણે ભંગ કર્યો? અમો વિકળ છીએ માટે આ પ્રમાણે હે તેજોમયી આર્યવિદ્યા! તારા પ્રતિ આવા અવિનય ભરેલા ઉદ્‌ગાર કાઢીએ છીએ. પણ ક્ષમા કર; અને આ આર્યજનના નિપાતનો દુઃખદ ઇતિહાસ શ્રવણ કરાવીને અમારાં આ હૃદય, જેઓમાં એક વાર તારો પ્રાદુર્ભાવ થયો હતો અને અદ્યાપિ જેઓ તારાં નિવાસ સ્થાન છે, તે-

મને વિદીર્ણું કરીને અમારા દુઃખની પરાકાષ્ઠા કર કે અધિક દુઃખની ભીતિથી રહિત થઇએ.'

આર્યપૂર્વજોનાં આવાં આર્ત્તવચન સાંભળીને શોકગ્રસ્ત થયેલી આર્યવિદ્યા પોતાનું મુખ અર્ધું વસ્ત્રમાં સંતાડીને (હાલમાં આર્યવિદ્યાનાં પુસ્તકો લુગડાના બંધનમાં કેવળ બાંધ્યાં રહેતાં નથી પણ થોડાં થોડાં પ્રકાશમાં આવવા લાગ્યાં છે માટે અત્રે આર્યવિદ્યાનું મુખ અર્ધું સંતાડેલું કહ્યું છે.) શોકમય સ્વરે બોલવા માંડે છે કે—'હે પરમેશ્વરની ઉજ્જ્વલ વિભૂતિરૂપ પુરાતન આર્યો! હું અતિ શોકાધીન છું કે તમારી સાથે હું પણ પરલોકવાસી ન થઇ. મારે આશ્રયે મૂકેલી તમારી પ્રજાની આ સ્થિતિ જોવાનો સમય મારે આવ્યો છે એનાથી અધિક દુઃખ બીજું નથી. હું છતાં આર્યો કલિને શરણ થાય એથી અધિક લજ્જાસ્પદ બીજું શું છે? હે વિકલ થઇ ગયેલા પ્રાચીન આર્યજનો જરી શાન્ત થાઓ. વ્યવહાર અને પરમાર્થમાં સલાહ આપનારી તથા આર્યોના

વ્યવહારિક તથા પારમાર્થિક વિજયની નોંધ રાખનારી હું આર્યના નિપાતની દુઃકથા કથનારી હું અભાગિણી ધૈર્યને અવલંબન કરી શકતી નથી. તો પણ વજ્ર હૃદયવાળી થઈને હું અમંગલ વૃત્તાન્ત કહેવાનો પ્રયત્ન કરૂં છું તો તમો પણ વજ્ર હૃદય કરીને સાંભળવાનો યત્ન કરો. જે સમયે આર્ય પ્રજાને મને સોંપીને તમે પરલોક વાસી થયા તે સમય હજુ પણ મારી આંખો આગળ તરે છે. જે સમયે **આર્યકુલાભિમાનને** મારી સાથે મૂકીને તમે મને કહ્યું કે તમે બંને (આર્યવિદ્યા અને આર્ય કુલાભિમાન) અમારી હવે પછી થનાર આર્ય પ્રજાનું રક્ષણ કરજો તે સમયનો દેખાવ અને આપણું પરસ્પરનું સંભાષણ હાલ મને પ્રત્યક્ષ થાય છે. પણ દૈવકોપ! હાય! તે વખતે મેં તમને કહેલાં વિશ્વાસજનક વચનો મારાથી પળાયાં નહીં અરે! હું જુઠી પડી. અરે! પવિત્ર પ્રાચીન આર્યમહર્ષિઓ જે હૃદયમાંથી તમોએ મને ઉત્પન્ન કરી તેજ

તપાયમાન થયેલા હૃદયમાંથી ઉપજેલા શાપ-રૂપ નિશ્વાસાનલથી મને જુઠીને ભસ્મીભૂત કરીને વિશ્વાસઘાતનું પ્રાયશ્ચિત આપો. આ દુઃખથી મને કોઇ છોડાવો ! રે ! હાય !! આગળ શું કહેવું તે મને સૂજતું નથી. અરે સાંભળો મારા કર્મની કથા ! મારા પરમ ભક્ત, પ્રાચીન આર્યો, સાંભળો ! મારૂં કર્તવ્ય હું બરોબર બજાવતી જતી હતી; તમારી પછીની આર્ય પ્રજાને મારા ખોળામાંને ખોળામાં રાખતી હતી; જરી પણ અસાવધ થતી નહોતી. પણ હત ભાગ્ય ! દોસ્તે દગો દીધો, સાહાય્યક શત્રુ નિવડયો, મિત્રે મહોકણુ મંડાવી અને કળિયુગનો પક્ષ સબળ થયો ! જે આર્ય કુલાભિમાનને તમોએ આર્ય સંરક્ષણના કામમાં મને મદદ કરવાને માટે મારી સાથે રાખેલો તેજ આર્યકુલાભિમાને છેવટે મને કપટ છરી મારી, હું નારી એકલી પડી, કળિયુગનો પક્ષ ફાવ્યો ! તેમ છતાં પણ જો આર્યકુલાભિમાન પ્રથમજ ખુલ્લા શત્રુ તરીકે મેદાન પ-

ડ્યો હોતતો તેનું દમન એક નિમિષમાત્રમાં ક-
રી નાંખત. હું અબલા નથી પણ પ્રબળા છું;
હું સકામ પુરૂષોને નિષ્કામ એક ક્ષણમાં કરી
નાખવા-સમર્થછું, તો એ આર્યકુલાભિમાનનુ
દમન કરવું એ કાંઇ કઠણ નહોતું. પણ એ
આર્યકુલાભિમાને મારા પક્ષમાં રહીને મારા પે-
ટમાં પેશીને પાળી મારી તેથીજ મારે આ લા-
ચારીનો સમય આવ્યો છે. કલિએ જે સમ-
યે અનેકવાર પોતાના દુર્ગુણ યોદ્ધાઓને મો-
કલ્યા તે સમયે મેં મારા એક હુંકાર માત્રથી-
જ તેઓને પાછા હઠાવી તમોએ મને સોંપે-
લી આર્ય પ્રજાનું સંપૂર્ણ રક્ષણ કીધું. પછી જ્યા-
રે કળિનો કોઇ પણ યોદ્ધા તમારી પાછળની
આર્ય પ્રજાનો વાંકો વાળ પણ કરી શકયો ન-
હીં, ત્યારે કળિએ પોતાનો **બાળવિવાહ** ના-
મનો વડો સેનાપતિ મોકલ્યો. તેની સામે પ-
ણ જ્યાં લગી તમે આપેલો સાહાય્યક આ-
ર્યકુલાભિમાન સાચાદિલથી મારી સાથે રહ્યો
ત્યાં લગી તો મેં કમર કસીને ટક્કર લીધી,

એ દુષ્ટ બાળવિલાહને મેં પરસેવાનાં ટીપાં પાડાવ્યાં, અને આખરે એ આસુરી યોદ્ધો પાછો હઠયો. પણ એ પ્રપંચીએ જ્યારે પોતાનું બળ ન ચાલ્યું ત્યારે મારા સાહાય્યક "આર્યકુલાભિમાનને અનેક કપટપ્રબંધવડે ફોડયો. તે કળિના પક્ષમાં ગયો નહીં, પણ તેણે પોતાનું મન કળિના પક્ષમાં મોકલ્યું; તે શત્રુ થઇને ઉઘાડો ઉઠયો નહીં. જો તે ઉઘાડો ઉઠયો હોત તો મેં તમને એકવાર કહ્યું તે પ્રમાણે મારા અસંખ્ય હાથમાંનો એક જે નિર્વેદ છે તે એકજ હાથે તેને ચાંચડવત્ ચોળી નાંખત. પણ અહો દુર્ભાગ્ય! હવે તો એ આર્યકુલાભિમાનની રીતિ કેવળ બદલાઇ ગઇ! પ્રથમ તે આર્ય સમુદાયને કહેતો તમો સર્વોપરિ છો; તમારૂં સર્વોપરિપણું ટકાવી રાખવાને ભગવતી આર્યવિદ્યાની (મારી) સર્વ પ્રકારે સેવા કરો. પછીથી એટલે ફુટયા પછી તે પ્રત્યેક આર્યને અને આર્યપત્નીઓને કહેવા લાગ્યો કે તું જ સર્વોપરિ છે, તારાથી

અન્યઆર્ય અને આર્યપતિઓ નીચાં છે. આ એનું (આર્યકુલાભિમાનનું) બોલતું સર્વને પ્રથમ તો અમૃત જેવુંજ લાગ્યું. મિઠા ફાંસિયા આર્યકુલાભિમાને પોતાના અમૃત જેવા બોલવામાં હાલાહલ સંતાડેલું હતું. એના આવા બોલથી તે સર્વ આર્યપ્રજાને મારાથી પણ બહુ પ્રિય થઇ પડયો. છેવટે એટલે સુધી વાત વધી પડી કે સમગ્ર આર્યપ્રજા મારા આદેશનો પ્રકટ રીત્યે ભંગ કરવા લાગી. એ ધૂર્ત્તેલા આર્યકુલાભિમાનના અમૃત જેવાં મિષ્ટ પણ મહા વિષના જેવાં હાનિકર વચનોનું પાન કરી તેઓ (આર્યો) પોતપોતાને એક બીજાથી ઉંચા માની અન્યોન્યને તિરસ્કાર કરવા લાગ્યા અને મિથ્યાભિમાની થયા. વાસ્તવે હવે આર્યકુલાભિમાન ફુટીને મિથ્યાભિમાન થયો હતો. એ મિથ્યાભિમાન છેવટે આર્યપ્રજાને એટલો પ્રિય થઇ પડયો છે કે મારા મુખ વેદની આજ્ઞા ઉપર પણ તેઓએ પગ મૂકયો; અરે પછીથી તો તેઓને એ પાપીએ

એટલે સુધી ભમાવ્યા કે તેઓએ મારા મુખ સામું પણ જોવાનું તજી દીધું. છેવટે એ મિથ્યાભિમાને આર્યપ્રજા પાસે મારો આશ્રય છોડાવ્યો અને તેઓને ખેંચીને બાળવિવાહના પગ નીચે નાંખ્યા. બાળવિવાહે પણ તેમને પોતાના જબરા બંધનમાં નાંખ્યા. એ બંધન એવાં માયાવી છે કે તેને આર્યો તો ભૂષણ રૂપ લેખે છે, પણ એ બંધન લોહ શૃંખલા કરતાં પણ વાસ્તવે અધિક દુઃખદ છે, વળી એ બંધનમાં એવો વિષમય ગુણ છે કે તેથી બદ્ધ થયેલાને નાગપાશથી બંધાયલાની માફક ઝેર પણ ધીમે ધીમે ચઢે છે, અને સાવધપણાનો નાશ થાય છે તેઓની (આર્યોની) બુદ્ધિમાં હવે એ વિષથી વિકાર થવા માંડ્યો છે. તેઓને હું માયાળુ વાણીથી બોલાવુંછું પણ તેઓ મારી તરફ પણ જોતા નથી બ્રાહ્મણો જેઓ મારા મુખ્ય સેવક હતા તેઓ જ્યારે હું બોલાવું છું ત્યારે આ મારૂં કાળજું કપાઇ જાય એવા જવાબ દેછે. તેઓ કહે છે કે—

'હવે અમારે તારો પડછાયો પણ લેવો નથી. અમારા હિતકર (અહિતકર) આર્યકુલાભિમાનની (મિથ્યાભિમાનની) કૃપાથી પરમ સુખી થયા છીએ. તેણે અમોને પરમ સુખ પમાડનાર એક રૂડો અધિપતિ (બાળવિવાહ) શોધી આપ્યો છે. જ્યારે અમે તારી સેવામાં હતા ત્યારે મહાદુઃખ પામતા હતા. પણ હમારા પૂર્વજોનું કલ્યાણ થજો કે તેઓએ અમને તને એકલીને સોંપ્યા નહી. કેમકે તું તો આર્ય વિદ્યા સ્ત્રી છે, અને સ્ત્રીની મતિ પાનિયે જો એકલા તારા જ હાથ નીચે અમો ઉછર્યા હોત તો અમો પણ બાયડી જેવી બુદ્ધીવાળા થાત, અરે ! અમો પશુ જેવા જ રહેત પણ અમારા પૂર્વજો આ બધું જાણતા જ હતા. તેઓ ડાહ્યા અને અગમચેતીવાળા હતા. તેઓએ પ્રથમથી સમજીને અમારી સંભાળ લેવાને માટે **આર્યકુલાભિમાન** (હાલ મિથ્યાભિમાન) પોતાની પાછળ મૂક્યો છે. એ આર્યકુલાભિમાનને પ્રતાપે હાલ અમો અગ-

ભિત સુખ ભોગવિયે છીએ. આગળ જ્યારે અમો તારા મુખસામું જોઇને બેસી રહેતા (વેદાધ્યયન કરતા) ત્યારે અમારી ઘણી જ ખરાબ હાલત હતી. જ્યારે અમે તારા મુખસામું જોઇને બેસી રહેતા ત્યારે તો જાણે અમે ગુલામીખત લખી આપ્યું હોય એમ અમારા ઉપર નિયમ પ્રમાણે બધા સંસ્કાર જન્મીએ ત્યારથી કરવા પડતા: હવે અમારે એ બધી બેડીઓ તુટી જવા લાગી છે, હવે તો એક સંસ્કાર વધારે થયો તોએ શું ને એકાદ સંસ્કાર ન થયો તોએ શું-હવે તો અમો ગુલામી ખતમાંથી મુક્ત થયા છીએ. જે વખતે અમો તને જ દેખતા તે વખતે જનોઇ દીધા પછી જનોઇ વિના એક ડગલું પણ ભરાય નહીં; હવે તો જો તુટી ગઇ હોય તો એમને એમ બજારમાં જઇને જનોઇ લેઇ આવીને પહેરીએ; વળી બંગાલામાં તો હવે જનોઇનો બાર વીંટાળવાની કાંઇ જરૂર નથી એવો પણ થોડા માણસોનો મત થયો છે. હવે કેટલી

અવી કડાકુટ ઓછી થઇ ગઇ ? જ્યારે અમો તમારૂં કહ્યું માનતા ત્યારે જનોઇ દીધા પછી ૧૨ વર્ષ લગી ગુરૂને ઘેર રહેવું પડતું અને હવે તો બે કલાકમાં કાશીએ ભણી આવી ઘે-ર આવીને માના ખોળામાં ભરાઇ જઇએ છી-એ. કેટલું સુખ ? તારી આજ્ઞામાં રહેતા ત્યારે તો વેદાધ્યયન કરી કરીને મરી જતા તો પણ ' સ્વસ્તિ 'કહેવાનું કર્મમાં લખેલુંજ અને હાલતો જરી અસેક્ બે કે ગોટ પિટ કરવા શીખ્યા તો મોટા મુનશી બક્ષી પ્રોફેસર કે હેડમાસ્તર કે ઢેડ માસ્તર કે ઝાડુમાસ્તર થઇ પડીએ છીએ; વળી જો જરીક કાદવ્બરી (કાદંબરી) કે તરક સંગત (તર્કસંગ્રહ) તરક કુમતી (તર્ક કૌમુદી) કે મારતી મા ધબ (માલતી માધવ) કે એવું કાંઇક ભણ્યા તો તો પછી મોટા મોટા કોઇને ના ગાંડીએ અને સઉની કરડાકી કરી-એ એવા ડાકિયા ડોકટર (ભટ્ટ) થઈ પડી-એ; મોટા પંડિતમાં લેખાં થાય અને જબરા ઉપાધિયા (ઉપાધ્યાય) થઇ પડીએ. તારો

આદેશ માનતા ત્યારે આ સુખ નહોતું એ-
ટલું જ નહિ પણ ભૂમિ ઉપર સૂવું પડતું અને
તેલ તાંમ્બુલનો તો સ્પર્શ જ ન કરાય અને
હાલતો અમો છત્રપલંગ અને ત્રણ તળાઇં-
ઓ ઉપર સુતા સુતા સુંદર સોનેરી ગોલ્ડન
ટ્રેઝરીમાંના હાસ્કના ખ્યાલ ટપ્પાના અર્થને
ઉંટની પેઠે વાગોળી વાગોળીને પેટમાં ઉતારી-
એ છીએ; જરીક વાંચતાં લમણા ઉના થાય
કે કોલન વોટરનું કપડું કપાળપર મૂકીએ છી-
એ, તેલફુલેલકે ડુક્કરની ચરબીવાળું પોમિટમ
ઓઇલ રગડી રગડીને ભેજામાં ઉતારીએ છી-
એ અને પાન સોપારીની પિચકારીઓ મા-
રીએ છીએ અને દેશી બીડી કે વિલાયતી
સિગારેટમાંથી ધૂમાડાના ગોટે ગોટ કાઢીને પે-
ટના અગ્નિને પરાણે પ્રદીપ્ત કરીએ છીએ
અને અજીર્ણને પરાણે દેશ નિકાલ દેઇએ છી-
એ. આ બધું સુખ છોડીને પ્રથમ ભણતા
તોપણ વેદનો એક અક્ષર પણ અપવિત્ર
સ્થાનકમાં કે અનધિકારી આગળ બોલાયેન-

હિ, અને હાલતો ઋગ્વેદના કે સામવેદના કે ગમે તેવેદના પરાણે ટાંટીએ ટાંટીયા મેળવતાં શીખ્યા કે ગમે તેસ્થાને કે ગમે તેવા માણસો આગળ ગોટપિટ કરતે કે અર્થનો ને અર્થનો ઓઘસો બાળીને મોટા રોગવેદનાના (ઋગ્વેદના) આજારી (આચાર્ય) થઇને ' તુમકોન ' કરનારા થઇ પડીએ છીએ. આ ઓછી સ્વતંત્રતા ? શું ઓછું સુખ ? વળી જ્યારે તારા મુખ સામું મુખ વિકાસી બરાડા પાડતા ત્યારે તો વીશ વર્ષ લગી વાંઢા રહેતા અને હાલ જ્યારે આર્યકુલાભિમાનની સલાહ માની બાળ વિવાહનું શરણુ પકડ્યું ત્યારથી બાર વર્ષમાં વિક્રમોર્વશી અને દુષ્યન્ત શકુંતલા જેવું સુખ ભોગવવાનો સમો આવે છે; અને આ સુખની સાથે સંબંધ રાખનાર ઉપર વર્ણવેલાં સર્વ સુખ આવે છે એટલું નહીં પણ વળી હાલ શરીર સંપત્તિને માટે હશકેટશકે બિલોરની બાટલી લેઇને ડાકટર સાહેબને ત્યાં જઇએ છીએ, જેનાથી માણસ ગંભીર જ-

ણાય એવાં શોર્ટ સાઇટના કે લોંગ સાઇટના ચશ્મા પહેરીએ છીએ, ટેમ્સ ગંગાના પરમ-પાવન જળના બનેલા સિરપ પીએ છીએ, હા-ડકામાંથી નીકળેલા તર ફાસફરસની સુંદર ગોળમટોળ ગોળીઓ આરોગીએ છીએ, ત-નદુરસ્તીને ટકાવી રાખનાર કોડ માંછલીનું તેલ પીએ છીએ, કામદેવની પ્રિય સખી પોર્ટ મ-દિરા પીએ છીએ, વળી પરગામની પાઠશા-ળાઓમાં સાફસોખથી ભણવા રહીએ છીએ ત્યાં ભણીને ચાતુર્ય મેળવીએ છીએ તેની જોડે **बाराङ्गना राजसभाप्रवेशः** એ પદ-માં કહેલ વારાંગનાદ્વારા પણ ચતુર શિરોમણિ થઇ ચાંદીઆ (ચાંદાવાળા) બની ચતુરની સભાઓમાં માગ મૂકાવીએ છીએ. અમારા ન-વા અધિપતિ (બાળવિવાહે) એ અમને ઓછું સુખ આપ્યું છે ? ધન્ય છે અમારા ઠાન્સ્તા દોસ્ત આર્યકુલાભિમાનને ! એનેજ પ્રતાપે ઘેર ઘેર વિવાહનાં વાજાં વાગી રહ્યાં છે. એનેજ પ્રતાપે છોકરાં ઘોડિયામાંથી ઝડ-

પાય છે. એનેજ પ્રતાપે અમો બીજાં આવાં જ અનેક સુખ દેનાર નવા અધિપતિનું સુખ પામ્યા છીએ." આ પ્રમાણે બ્રાહ્મણોનું બોલવું સાંભળી મજવલી રહેલી છું. મેં તો આ તમને સંક્ષેપમાં કહ્યું. હે પુરાતન આર્યો ! જો તમે બ્રાહ્મણોના બોલ જાતે સાંભળ્યા હોય તો તમે ઉર્ધ્વ લોકમાંથી હેઠે પડ્યા વિના રહો નહીં. તેઓ તો કહે છે કે "કાણાકુબડા રોગી વગેરેને અપ્સરા જેવી કન્યાઓ અપાવનાર તો અમારો દયાળુ અધિપતિ ગોબ્રાહ્મણ પ્રતિપાળ કલિ સૈન્યાધિપતિ શ્રીયુત "**બાલ વિવાહજ** છે."

આર્યપૂર્વજો કહે 'પૂજ્ય આર્યવિદ્યા તારી અવજ્ઞા અમારી સંતતિએ કરી તેથી અમો અતિ દિલગીર છીએ; પણ પૃથ્વી પાલનાર રાજનીતિમાં કુશળ અને રણમાં સિંહ જેવા અમારા ક્ષત્રિય પુત્રોએ તને શું કહ્યું ?'

ઉંડો નિઃશ્વાસ નાંખીને આર્યવિદ્યા બોલી, 'અરે પુરાતન આર્યો ! તમારી ક્ષાત્ર

પ્રજાએ મને જે વચનો કહ્યાં છે તે સાંભળી-ને કાંઇક સુખ થશે એવી મિથ્યા આશા તમે શું કરવા ધરાવો છો ? જ્યારે કમલકલિકાએ બરછીના ફળનું કામ સાર્યું ત્યારે સ્વાભાવિક રીત્યેજ ક્ષતદાન કરવાને સમર્થ એવો કેવડો કરવતનું કામ સારે એમાં કોઇ પણ પ્રકારે સંદેહ કરવા જેવું નથી. સાત્વિક પ્રકૃતિવાળી બ્રાહ્મણ પ્રજા જ્યારે ઢિલગંડી નીવડી ત્યારે રાજસ સ્વભાવ વાળી ક્ષાત્ર પ્રજા કરડકણી નીવડે એમાં શો સંદેહ ? તેમ છતાં જ્યારે ક્ષાત્ર પ્રજાએ મને આપેલ ઉત્તર સાંભળવાને ઇચ્છોછો તો પ્રથમથીજ અશુભ અનુમાન કરીને અપ્રમાદ યુક્ત ધૈર્યને ધારણ કરીને સાંભળો. ક્ષાત્ર પ્રજાએ પણ મને તિરસ્કાર ભરેલી વાણીથી કહ્યું કે "તારી સાથે સંબંધ રાખવાથી અમને કોઇ પણ પ્રકારે લાભ ભાસ્યો નથી અને ભાસતો પણ નથી. તારી સાથે સંબંધ રાખવાથી, રાજકુલમાં અમારો જન્મ છતાં, અમારે વનચર જેવા મુનિયોના

કુલમાં ઉપનયનના સમયથી વાસ કરવો પડતો; અને અનેક યત્નથી પણ સિદ્ધ થવો કઠિન એવો ધનુર્વેદ અમારે ભણવો પડતો એટલુંજ નહીં પણ પિતાને ઘેર સિંહાસન છતાં ગુરૂને ઘેર કુશાસનનો પણ પરિત્યાગ કરીને ગુરૂને માન આપવું પડતું અને હવે તો ટયુટર કરતાં પણ ઉંચી ખુરશીએ બેશીને કક્કો માત્ર ભણીને પંડિત બનીએ છીએ. તીક્ષ્ણ અણીવાળાં બાણની જોખમ ભરેલી વિદ્યા મૂકીને વિલાયતી પીછાંવાળી વિદ્યા બડી મોજથી ભણીએ છીએ. આગળ અમો રણમાં સિંહ જેવા હતા પણ ગુરૂ આગળ તો ધર્મારણ્યના અથવા તપોવનના નિરાગસ મૃગના જેવા હતા એટલી અમારામાં ખોડ હતી, પણ હવે તે ખોટ અમારા સુધરેલા આર્યકુલાભિમાને પૂરી પાડી છે. હવે તો શિક્ષકના પણ અમો શિક્ષક છીએ. જો મહેતાજી તીન પાંચ કરે તો અમે રજપુત બચ્ચા અમારૂં સ્વરૂપ પ્રકાશ્યા વિના રહીએ નહીં. અમો રજોગુણ પ્રધાન પ્રકૃતિવાળા છતાં અમારે બ્રાહ્મ-

ણોની માફક બ્રહ્મચર્ય પાળવું પડતું એટલુંજ
નહીં પણ એ બ્રહ્મચર્યની મુદત બ્રાહ્મણો માટે
ઠરાવેલી મુદત કરતાં બે વર્ષ વધારે હતી. હવે
તો અમો અમારા નવા મહેન્દ્ર બાળવિવાહને
પ્રતાપે બાળપણામાંજ આગને તેડીને ફરે એ
વી એકથી વધારે વનિતાઓ વરીએ છીએ
અને પ્રૌઢા ગોપિકાઓ અને બાળકૃષ્ણના રાસ-
નું સુખ ભોગવીએ છીએ. વળી આગળના
સમયમાં જો કોઇ ક્ષત્રિય મહારાજા અનેક
સ્ત્રીઓ પરણતા તો તે સર્વને સમભાવે પાળ-
તા. આ પ્રમાણે સમભાવ રાખવો એ યોગી
જનોને પણ કઠિન પડે એવું કામ કરવું પડતું,
તે સંબંધી માથાફોડ હવે કેવળ મટી ગઇ છે.
હવે તો જેના ઉપર દિલ ચોટયું તેને માની-
તી ઠરાવી અને બાકીનીને પડતી મૂકીએ.
ભાવતું અને ન ભાવતું સઘળું સરખું ગણીને
જમતા સ્વામીનારાયણના સાધુ પેઠે હવે અમા-
રે સ્ત્રીઓના સંબંધમાં વર્તવું નથી પડતું. મ-
રજીમાં આવે તેને માનીતી ગણીએ અને મ-

રજીમાં આવે તેને અણમાનીતી ગણીએ. ગોળ ખોળ સરખાં ગણવા જેવો અવિવેક હવે અમારામાંથી જતો રહ્યો છે. પણ આ બધું સુખ હે આર્યવિધઃ ! તારો અતિ દુઃખદ સંગ છુટ્યા પછી અમને પ્રાપ્ત થયું છે. તેં તો અમને ખરેખરા કેદીજ બનાવી મુકયા હતા. આગળના સમયમાં તારો સંગ રાખનાર રાજાઓને (દાખલા તરીકે) સગર રાજાની માફક સાઠ હજાર છોકરાઓની ભુંજેર ધાડ હતી અને હવે જ્યારથી અમે બાળવિવાહનું શરણ પકડ્યું ત્યારથી અમારા સિંહ નામનું કામ સારી રીત્યે કરી શકીએ છીએ. સિંહને જન્મારામાં એકાદ બચ્ચું થાય તેમ અમારે પણ એકાદ બચ્ચું થાય તો થાય નિકર બીજે કંઇથી લાવીને પણ ગાદી સોવરાવવી પડે. પણ ઝાઝાં મલ્યાંને ખાવા ટળ્યાં એ દુઃખતો તારો સંગ છોડતાં અને બાળવિવાહની સાથે સંબંધ જોડતાંજ ગયું છે. વળી જ્યારે અમે તારા સંગી હતા ત્યારે પ્રજાની પીડાઓને પીડામાં પીલાઇ જતાં. આ-

ગળ રાજાઓ 'કાજી કયું દુબલે તો કે સારે શહરકી ફિકર' એવી સ્થિતિમાં હતા. હવેતો ફિકર ફકીરને ! નાયકાઓનાં ગાનમાં, તાનમાં, વાનમાં અને સાનમાં, અને મદિરાના પાનમાં ગુલતાન બનીને સુખ ભોગવીએ છીએ. વળી આગળના રાજાઓને તારા સંગને લીધે રોજ શસ્ત્રાસ્ત્રની શય્યામાંજ સુવું પડતું અર્થાત્ રણ પ્રયાણ વગેરેને માટે સાવધ રહેવું પડતું. અને હવે તો બાળવિવાહે અમને એટલીતો કોમળતા આપી છે કે અમારે ખાવાનું પણ કોમળ, સુવાનું પણ કોમળ, અને સાંભળવાનું પણ કોમળ (ખુશામત અને વેશ્યાગાન). હવે અમારે ઇન્દ્રનો સઘળો વૈભવ છે. હવે તો અમને ક્ષત્રિય વર્ગને લગાડવામાં આવતો રાજા શબ્દ એક નવીજ શક્તિ ધરાવે છે. સારૂં થયું કે આર્યકુલાભિમાનના મનમાં બાળવિવાહના સર્વોત્તમ ગુણો સમજાયા. સારૂં થયું કે તેણે અમને તારા ચેપી સંગમાંથી મુક્ત કર્યા—"

આર્ય વિદ્યાનાં આ વચન સાંભળીને શા-

ટ સાગરમાં ડૂબેલા પુરાતન આર્યં પોકારી ઉ-
ઠ્યા—' હે સર્વથા પૂજ્ય આર્યવિદ્યે! અમારી
પ્રજાના રક્ષણાર્થે નીમેલી વિશ્વાસ પાત્ર ક્ષાત્ર
પ્રજાએ પણ તારો આ પ્રમાણે અનાદર કર્યો
એ જાણીને અમારા દુઃખની સીમા રહી ન-
થી. પરન્તુ હજી આશાથી નહીં વિરમનાર અ-
મારૂં મન વૈશ્યોએ તને આપેલો ઉત્તર સાં-
ભળવાની ઇચ્છા રાખે છે. અમે પ્રથમથી એ-
ટલું તો અનુમાન કરી શકીએ છીએ કે બ્રા-
હ્મણ અને ક્ષત્રિયથી અધિક યોગ્ય ઉત્તર તે-
ઓ આપી શક્યા નહીં જ હોય. તો પણ અ-
મારી પ્રજાના સંબંધી અશુભ તે અમારૂં જ
અશુભ હોવાથી સર્વ વૃત્તાન્ત સંપૂર્ણ રીત્યે
જાણ્યા વિના અંતઃકરણ વિરામ પામતું નથી.
માટે હે અનવદ્ય આર્ય વિદ્યે! એ વૈશ્યોએ
તને શો જવાબ દીધો તે પણ એકવાર કહે.'

પુરાતન આર્યોનું આવું નૈરાશ્યમય બોલ-
વું સાંભળી તે આર્ય વિદ્યા બોલી, ' હે આ-
ર્ય પૂર્વજો—અતિ દુઃખીને દુઃખ નહીં "."

અતિ ઝાણીને ઝાણુ નહી—એવી કહેણી પ્રમાણે આપનાં હૃદય કઠણ કરીને વળી પરિતાપજનક પારાયણનું શ્રવણ કરો. જ્યારે મેં વૈશ્યોને કહ્યું કે હે પુત્રો ! તમો તો મારી તરફ જરી જુઓ, ત્યારે તેઓ બોલ્યા કે "તારી તરફ અમે જોઇએ એમાં અમારૂં શું ઉઘડવાનું હતું. જો તારામાં કાંઇ ગુણ હોત તો અમારાથી ઉત્તમ ગણાતા બ્રાહ્મણો અને ક્ષત્રિયો તને શું કરવા તજી દેત. જો બાળવિવાહની કૃપા અમારા ઉપર ન થઇ હોત તો તારી ત્રણ ત્રાગડાની ફાંસી (જનોઇ) માંથી અમો કદી પણ છુટત નહી. જો તારા સંગમાં રહ્યા હોત તો બારને બાર ચોવીસ વર્ષ લગી વરરાજા થવાનો દિવસ ન આવત. વળી વ્યાપારના સંબધનાં શાસ્ત્ર અને ખેતીનાં શાસ્ત્ર અને પશુ પાલન વિદ્યા વગેરે શાખા શાખીને તેમજ વળી સ્વશાખાના લવારા કરીને મરી જાત. આ તો બોબડું તોતડું નામું લખીને હજારો રૂપૈયાની ઉથલ પાથલ ક

રીએ છીએ અને તારા પ્રસંગમાં તો મોટા ગ્રન્થો ભણવા પડત. ગ્રન્થો ભણીને શું અમારે તુમડાંની પેઠે ભીખ માગવી છે ? અમે તો શાહુકાર, અમે તો વ્યાપારી: ભણીને ભીખ માગનારા નહીં. વળી તારા ઉપર આધાર રાખીએ તો પાટી ઉપર લેખણનાં વતરણાં ફેરવી ફેરવીને કુચા નીકળી જાય તેના કરતાં ખાસા મોકળા ખેતરમાં હળની અણી ફેરવીએ છીએ તે શું ખોટું ? વળી કૃષિશાસ્ત્રનો અભ્યાસ કરીને પછી ખેડીએ તેના કરતાં પ્રથમથી જ ખેડવા મંડી પડીએ તો ભણવામાં વખત તો ગાળવો મટે. વળી ગ્રન્થ ભણીને અમારે કરવું શું ? સઉને આપનાર મોટા દાતાર. અમે ભટોરિયાની પેઠે ભીખ માગવાના હતા ? અમે તો દાતાર કણબી, નહીં પેલાં નાદાર બ્રાહ્મણાં ! પશુપાલન વિદ્યાને અમારે ભણીને કરવી'તી શું ? ખાય પીએ એટલે એની મેળે પશુ પલ્યે જાય; વળી એનું પાલન કરીને અમ કરવું તું જે ? વળી અમને તો તારો

સગ છોડયા પછી બહુજ લાભ થયો છે. અ-
મારી નાતમાં તો વળી કોઇ બાયડીને રંડા-
પોજ નહીં! સહુને અખંડ સૌભાગ્ય. તારા
સંગમાં હતા ત્યારે ધર્મનાં બંધન બંધનને
બંધને. હવે તે બેડીઓ ફડાફડ તુટી ગઇ છે.
લોહની ભોગળો પવને ભાગી ગઇ છે. આનં-
દ! આનંદ!! અને આનંદ!!! રાંડેલી
લાવીએ, છાંડેલી લાવીએ, વિત્ત વડે વનિતા
છંડાવીએ અને દાશી પુત્ર જેવી પ્રજા 'ઉત્પ-
ન્ન કરીએ. જ્યારે અમે તારા પંજામાંથી છુ-
ટયા ત્યારેજ અમે આ પ્રમાણે મોકળે મહા-
લી શકીએ છીએ." વળી હે પૂરાતન આર્યો!
શૂદ્રોએ જે ઉત્તર મને આપ્યો તે પણ ભેગા
ભેગો સાંભળી લ્યો. તેઓએ મને કહ્યું "તા-
રાથી અમને કશો લાભ હતો નહીં, અમે તો
તારાથી છુટા થયા એટલે દાસત્વમાંથી છુટા
થયા. આગળ ત્રૈવર્ણિક પ્રજાની સેવા કરી કુ-
રીને અમારો આટો નિકળી જતો હતો. હવે
તો કોઇવાર લાગ આવ્યે બ્રાહ્મણ સુદ્ધાં અમા-

રૂં દાસત્વ ઉઠાવે છે. અમારે હવે કોઇ પણ પ્રકારનું બંધન નથી. અમારે હવે લીલા લ્હેરૂ છે." હે પુરાતન પૂજનીય આર્યો તમારી સંતતિએ આ પ્રમાણે મારો તિરસ્કાર કર્યો, અને ફુટેલા આર્યકુલાભિમાનને વશ થઇને બાળવિવાહને શરણે તેઓ ગયા.

આર્ય વિદ્યાનાં પૂર્વોકત વચન સાંભળીને સમુદ્ર મંથન સમયે જેવી દશા મહાસાગરની થઇ હતી તેવી દશાને પ્રાપ્ત થયેલાં જેઓનાં અંતઃકરણ છે એવા પુરાતન આર્ય મહાજનો પ્રલય પવનના જેવો નિઃશ્વાસ નાખીને બોલ્યા, "હે પરમ હિતકર આર્યવિદ્યે, તારાં વિશ્વવંદનીય ચરણકમળને અમો નમન માત્ર કરીને વિરામીએ છીએ. અમારી પ્રજાએ કરેલા તારા અનાદરને માટે શી રીત્યે ક્ષમા યાચવી તેની પણ અમને ગમ પડતી નથી. હે માતર્ ! તારો અનાદર કરવાથી તેઓને જે સ્થિતિ પ્રાપ્ત થઇ છે અને થશે તે અતિ ઉચિત શિક્ષારૂપ નીવડશે. ઉપાસકહીન થયેલી તું વિ-

શ્રમાંથી કેવળ અંતર્હિત થઇ જઇશ નહીં. ક-
વિ ? જગતમાં પતિત કલિકલુષિત આર્યોવડે
જેઓ મૂર્ખ ગણાય છે તથા જેમનો દ્વેષ ક-
રાય છે એવા કેટલાક પવિત્ર આશયવાળા આ-
ર્યો છે. તેઓનું આશ્વાસન તારા વિના કોણ
કરશે ? પ્રતિકૂળ થયેલ પતિત આર્યો તેઓનો
દ્વેષ અને તિરસ્કાર કરે છે તે સમયે મા-
ત્ર સંતોષનાં સ્થાન એજ છે. એક તો તારૂં
પરમ કલ્યાણકારી દર્શન અને બીજું અમારૂં
પરમ ઉજ્જ્વલ સ્મરણ એ તેઓના આધાર
છે. માટે હે પરમેશ્વરી ! તું એવાં પવિત્રાશયી
અમારાં કેટલાંક વિખુટાં પડેલાં બાળકોની દ-
યા આણીને હજુ ભૂતલમાં કેટલોક સમય ર-
હે. જો તારો આદર કરનારની સંખ્યા વધે તો
સ્થિતિ કરીને રહેજે. નિકર અમારા છેલામાં
છેલા શુભ સંતાનની સાથે તેની ધાત્રી તરીકે
અમારી પાસે આવજે. ભ્રષ્ટ થયેલા આર્યકુલા-
ભિમાનને અને પતિત આર્યોના પ્રિય બાલવિ-
વાહને આર્ય કુલકંટક નીવડેલ કુપ્રજાનો ના-

શ કરવાને પૃથ્વીમાં રહેવા દેજો. જેમના સંગ માટે તને તજી તેજ આર્યકુલાભિમાન અને બાલવિવાહ એ પાપી પ્રજાનો નાશ કરશે એવો અમારી કલકલતી આંતરડીથી અમો શાપ દેઇએ છીએ. પણ હે દયાલુ જનની! જે આર્ય શિશુ પશ્ચાતાપ પામીને તથા મિથ્યા આર્યકુલાભિમાનનો અને બાલવિવાહનો સંગ ત્યાગીને તારી પ્રતિ દયામણે મુખડે પાછું ફરે તેના ઉપર કાંઇક દયા કરજે. અંતઃકરણમાં તારા ભક્ત પણ શત્રુ સૈન્યના કબજામાં પડેલા લાચાર આર્ય બાલકોના ઉપરથી તારો પ્રેમ તું ઉતારીશ નહીં. હે માજી! તારી દિવ્ય વેષ મૂર્તિ તેઓના અંતઃકરણમાં સ્થાપજે. કેમકે કાલાન્તરે નહીં તો જન્માન્તરે પણ તેઓ તારાં ઉપાશક બાલકડાં નિવડશે. આટલુંજ વિનવીને અમો તારી પાસે શાન્તિ યાચીએ છીએ. ક્ષોભ પામેલા અમારા અંતઃકરણને શાન્તિ આપવાને હે વિશ્વંભરી આર્ય વિદ્યે! કૃપાલુ થા. પરલોક નિવાસી થયેલાં અમો બા-

લકને હે જનનિ શાન્તિરૂપી પયપાન આપ. કુ-
પ્રજાનાં પાપાચરણ જેમને અમારા હૃદયમાં જે
મહા દાવાનલ પ્રકટયો છે તે શમાવવાને કૃપા
કર! હે દેવી અમો તારે શરણે આદિ અના-
દિથી છીએ.'

આવી કરૂણાજનક વાણી સાંભળીને જે-
નું અતિ કરૂણામય હૃદય છે એવી આર્યવિ-
દ્યાના નેત્રમાં અમૃતના મહામેઘસમુદાયના
જેવાં કરૂણાનાં આંસુ આવ્યાં. તેના વડે જે-
ઓનું તર્પણ કરવામાં આવ્યું એવા આર્ય પૂ-
ર્વજોનો પરિતાપ શાન્ત થયો અને તત્કાલજ
આર્યવિદ્યા બોલી મારાં કરૂણાપાત્ર બાલકો શા-
ન્તિ અમૃતના મહાસાગરમાં તમે નિરન્તર ક્રી-
ડો એ શાન્તિ સુધાનો મેઘ તમારા ઉપર નિ-
રન્તર વૃષ્ટિ કરો.

તથાસ્તુ.

ટેલિમેકસનાં
સાહસિક પરાક્રમો.
(તૈયાર છે)

અખંડ પ્રૌઢ પ્રતાપ શ્રી ઇડરનરેન્દ્રની આજ્ઞાનુસાર,

અંગ્રેજી ઉપરથી ગુજરાતીમાં ભાષાન્તર કર્ત્તા,

આ. શીઘ્રકવિવર શ્રીયુત. ન-પુ. સંગવી

આ ગ્રંથની મુળ ખુબી એવી છે કે તે ખુબી સર્વ ભાષામાં જળવાઇ રહે એવી છે. નીતિ અને જ્ઞાનનો આ સમુદ્ર છે, ગરીબમાં ગરીબ તેમજ મોટામાં મોટા ચક્રવર્તિને પણ એક હિતકારક મિત્ર છે. અખંડ પ્રૌઢ પ્રતાપ શ્રી કચ્છ નરેન્દ્ર તથા ખુદાવિંદ શ્રી જુનાગઢના નવાબ સાહેબ તરફથી આ ગ્રંથને પ્રશંસાપાત્ર આશ્રય મળ્યો છે.

વિદ્વાનોના તેમજ જાહેર પત્રોના આ વિષે સર્વોત્તમ અભિપ્રાય પડેલા છે.

અને કર્ત્તાની અરજી વિના જ નામદાર બ્રિટિશ સરકાર તરફથી કદર કરાઇ તે કેળવણીખાતાની શાળાઓમાં લાઇબ્રેરી બુક તરીકે દા-

ખલ કરવામાં આવેલ છે. આટલા ઉપરથી સર્વ સુજ્ઞજનો આ ગ્રંથના મહત્વ વિષે સહજ અનુમાન કરી શકશે. કી—રૂ. ૫–૦–૦ ટપાલ ખર્ચ રૂ. ૦–૭–૬

પદ્યસંઘ પ્રથમ યાત્રા.

(તૈયાર છે)

કર્તા

સા. શીઘ્ર કવિવર શ્રીયુત ન. પુ. સંગવી.

રસીક વાચકો ! જો તમારે શ્રી સરસ્વતીના સાક્ષાત્ દર્શન કરવાં હોય તો આ સંઘમાં આવી આ પ્રથમ યાત્રા કરો.

જો તમારે કવિતાની અપૂર્વ કલ્પના રૂપ તીર્થના પવિત્ર જળનું પાન કરવું હોય તો આ સંઘમાં ચાલો.

જો તમારે શબ્દચિંતામણિના શાલિગ્રામની પૂજા કરવી હોય તો આ યાત્રાએ આવો.

જો તમારે પ્રાચીન અર્વાચીન પૂર્વાત્ય અને પાશ્ચિમાત્ય કાવ્ય સૌંદર્યનો મેળો જોવો હોય તો આ પદ્યસંઘમાં આવો. કી. રૂ. ૦–૮–૦ ટપાલ ખર્ચ રૂ. ૦–૨–૬

ગ્રંથ.

(છપાય છે)

કર્તા—સાક્ષરોત્તમ શીઘ્રકવિવર.

નગીનદાસ પુરૂષોત્તમદાસ સંઘવી.

આ પુસ્તકમાં વિવિધ પ્રકારના લેખો કે, વિશ્વવિજય, અમર્યાદમાનાભિલાષ, સહવાસ, મહાત્માની દ્રષ્ટિ, અપૂર્વ ભંડાર, મિત્ર અને વિત્તૈષણા, દંભ, વિચાર, આદિ અન્ય મળીને સર્વોત્તમ દશ વિષયોનો સમાવેશ કરેલો છે અને તે અતિ ઉત્કૃષ્ટ મનુષ્યદેહ મળ્યા પછી અખંડ સુખ મેળવવાના અભ્યાસીઓને નિરંતર મનન કરવા યોગ્ય છે તો,

જો તમારે આ જગત્માં પ્રાપ્ત કરવા લાયક શું છે તે જાણવું હોય,

જો તમારે નિર્વિઘ્ન શાંતિ સુખમાં રહેવું હોય, અને આત્મિક તેમજ પારમાર્થિક સુખનો લાભ લેવો હોય,

જો તમારે દંભી પુરૂષોનું યથાર્થ સ્વરૂપ જાણવું હોય અને તેઓનાથી છેતરાવું ન હોય,

જો તમારે સદ્‌ગતિ કરવાને યોગ્ય વિચાર કરવા લાયક સાધનો ન મળતાં હોય અને સદ્‌ગતિ કેમ કહેવી તે સમજવું હોય,

જો તમારે મહાત્મા પુરુષોની દષ્ટિનું યથાર્થ સ્વરૂપ જાણી આત્મજ્ઞાન થયું હોય, તો આ સર્વે સુસ્પષ્ટ રૂપમાં આપનારી કીમતી પ્રતો વાંચો. કિંમત રૂ ૦-૪-૦ ટપાલ ખર્ચ રૂ. ૦-૧-૦.

અમારા તરફથી પ્રકટ થયેલાં તથા હવે પછી પ્રકટ થનાર પુસ્તકો નીચેને ઠેકાણેથી મળશે.

અમદાવાદ—પ્રસિદ્ધ કર્તા પાસેથી ઠે. શુ. જ્ઞાનમંદિર.

કપડવણજ—શ્રી. મણીલાલ ચુનીલાલ ઠે. નેટીવ પ્રોવીડન્ટ સોસાયટી.

લીમડી—શ્રી. મંગળભાઈ માધવદાસ તંબાકુવાળા ઠે. બજારમાં.

ખાનપુર—રા. રા. રામજીભાઈ હરજીવનદાસ ઠે. ચાલીશેરીમાં.

વડોદરા—શ્રી. શીવલાલ મંગળભાઈની ઠે. સુલતાન પુરાની પોળ.